

# આઝાદી અને કપડાં વચ્ચે અટવાયેલી છોકરીઓઃ કપડાંની લંબાઈથી ચરિત્રનું માપ?

**વિડંબના એ છે કે જ્યારે પણ કોઈ સ્ત્રી પર અત્યાચાર થાય ત્યારે પહેલી ચર્ચા એના કપડાંની થાય છે. જાણે ગુનો કોઈ વ્યક્તિએ નહીં પણ કપડાંએ કર્યો હોય. આ માનસિકતા પીડિતાને જ કઠેડામાં ઊભી કરે છે. 'તેણે શું પહેર્યું હતું?'- આ સવાલ ગુનેગારને નહીં, સ્ત્રીની ઊલટતપાસ લે છે**

ફાયરવૉલ
રાજ ગોસ્વામી

દિલ્હીમાં, સમીના મિશ્રા નામની એક ડોકયુમેન્ટરી ફિલ્મકાર, લેખક અને શિક્ષક છે. તેઓ બાળકોના શિક્ષણ અને તેમના મુદ્દાઓ પર કામ કરે છે. સમીના હમ હિન્દુસ્તાની પોએટ્રી પોડકાસ્ટ ચલાવે છે, જેમાં બાળકો કવિતા મારફતે તેમના વિચારો અને ભાવનાઓ વ્યક્ત કરે છે. તાજેતરમાં, સમીનાનો એક ઈન્ટરવ્યૂ સાંભળવા મળ્યો હતો. તેમાં એક વાત બહુ સ્પર્શી ગઈ.

સમીનાએ ઝારખંડમાં એક વર્કશોપ કર્યો હતો. તેમાં અનેક બાળકોએ ભાગ લીધો હતો. એમાં એક વિષય હતો- આઝાદી. સમીનાનું કહેવું હતું કે આઝાદી એટલે શું તેની વાત બાળકો તેમના બેકગ્રાઉન્ડ અનુસાર કહેતાં હોય છે. એમાંય છોકરા માટે જે આઝાદી હોય છે, છોકરીની આઝાદી તેના કરતાં અલગ હોય છે.

પછી સમીનાએ કહ્યું કે એ વર્કશોપમાં એક નાની બાળકીએ આઝાદી પર કવિતા લખી તેમાં એક સૂચક પંક્તિ હતી- 'આઝાદી મેરા ઘર હૈ, જહાં મેં છોટે કપડે પહેન સકતી હું.'

આ એક લાઈન, ભારતમાં કપડાંને લઈને સ્ત્રીઓને કેવી રીતે આંકવામાં આવે છે તેની કડવી સચ્ચાઈ બયાન કરે છે.

ઘર, જેને આપણે સૌથી સુરક્ષિત સ્થાન માનીએ છીએ, ત્યાં 'ટૂંકાં કપડાં પહેરી શકવાની' વાત જો આઝાદી બની જાય, તો સમજવું જોઈએ કે બહારની દુનિયા કેટલી નિયંત્રણકારી છે. એક નાની બાળકીના મનમાં આ વિચાર ક્યાંથી આવ્યો? એને કોણે શીખવ્યું કે કપડાંનું કદ એની સલામતી, એની ઈજ્જત અને એની સ્વીકાર્યતા સાથે જોડાયેલું છે?

આ પ્રશ્ન માત્ર એક વર્કશોપ કે એક બાળકીનો નથી; આ સમગ્ર સામાજિક માનસનો પ્રશ્ન છે. આપણા સમાજમાં સ્ત્રીના કપડાંને તેના ચરિત્ર સાથે જોડવાની પરંપરા બહુ જૂની છે. 'સંસ્કારી' અને 'અસંસ્કારી'ના માપદંડમાં ઘણી વાર કપડાં સૌથી પહેલી કસોટી બને છે. છોકરી શું પહેરે છે, કેટલું ઢાંકે છે, કેટલું દેખાય છે- આ બધું જ લોકોની ટોકાટોકનો વિષય બની જાય છે.

વિચાર કરવાની વાત એ છે કે છોકરાઓ માટે આઝાદીનો અર્થ મોટેભાગે બહાર જવાની, મિત્રો સાથે ફરવાની, કારકિર્દી બનાવવાની કે પોતાનાં સપનાંઓ પાછળ દોડવાની હોય છે; જ્યારે ઘણી છોકરીઓ માટે આઝાદીનો અર્થ હજી પણ શરીર પરનો અધિકાર છે. તેઓ શું પહેરે, કેવી રીતે ચાલે, ક્યારે બહાર જાય, આ બધું જ હજી પણ પરિવાર અને સમાજની દેખરેખ હેઠળ હોય છે.

ઘણી વાર 'સુરક્ષા'ના નામે કપડાં પર નિયંત્રણ મૂકવામાં આવે છે. કહેવામાં આવે છે કે 'અમને તારી ચિંતા છે,' 'સમાજ ખરાબ છે,' 'લોકો શું કહેશે?' પરંતુ આ ચિંતા ઘણી વાર મૂળ પ્રશ્નને ઢાંકી દે છે; પ્રશ્ન કપડાંનો નથી, પ્રશ્ન નજરનો છે. જો કોઈની નજરમાં ખોટ હોય તો તેની જવાબદારી કપડાં પર કેમ મૂકી દેવી?

વિડંબના એ છે કે જ્યારે પણ કોઈ સ્ત્રી પર અત્યાચાર થાય, ત્યારે પહેલી ચર્ચા એનાં કપડાંની થાય છે. જાણે ગુનો કોઈ વ્યક્તિએ નહીં પણ કપડાંએ કર્યો હોય. આ માનસિકતા પીડિતાને જ કઠેડામાં ઊભી કરે છે. 'તેણે શું પહેર્યું હતું?'- આ સવાલ ગુનેગારને નહીં, સ્ત્રીની ઊલટતપાસ લે છે.

આ વલણનો પ્રભાવ ખૂબ ઊંડો છે. છોકરીઓ બાળપણથી જ શીખી જાય છે કે તેમણે 'સાવધાન' રહેવાનું છે. તેનું શરીર તેનું નથી પણ પરિવારની ઈજ્જતનું પ્રતીક છે. એટલે તેણે એવું જ પહેરવાનું છે જેમાં ઈજ્જત સચવાય અને જ્યારે શરીર પરનો અધિકાર છીનવાઈ જાય ત્યારે આત્મવિશ્વાસ પણ ધીમે ધીમે ઘટે છે.

પરંતુ કપડાં વ્યક્તિની નૈતિકતા નક્કી કરતા નથી. નૈતિકતા વર્તનથી આવે છે, સંવેદનાથી આવે છે, અન્ય પ્રત્યેના આદરથી આવે છે. એક વ્યક્તિ સાદા કપડાંમાં પણ અસંવેદનશીલ હોઈ શકે અને આધુનિક વસ્ત્રોમાં પણ અત્યંત સંસ્કારી અને જવાબદાર હોઈ શકે.

અહીં પ્રશ્ન પરંપરા વિરુદ્ધ આધુનિકતાનો નથી. સાડી, સલવાર-કમીઝ કે જીન્સ, આ બધાં વસ્ત્રો જ છે. પ્રશ્ન એ છે કે પસંદગીનો અધિકાર કોના હાથમાં છે? જો કોઈ સ્ત્રી સાડી પહેરવા માંગે તો તેની પસંદ છે; અને જો કોઈ જીન્સ કે સ્કર્ટ પહેરવા માંગે તો એ પણ એની પસંદ છે. સાચી આઝાદી પસંદગીમાં છે, વસ્ત્રમાં નહીં.

સમીનાની વર્કશોપમાં બાળકીની કવિતા એક ચેતવણી જેવી છે. તે બતાવે છે કે નાની ઉંમરે જ છોકરીઓ સમજી જાય છે કે બહારની દુનિયામાં તેમને કપડાંથી આંકવામાં આવશે અને એટલા માટે તેનું ઘર તેની આઝાદીનું રક્ષક બની જાય છે પરંતુ શું સમાજનું લક્ષ્ય એવું ન હોવું જોઈએ કે આખી દુનિયા જ દરેક બાળક માટે સુરક્ષિત બને?

બદલાવ ધીમે ધીમે આવી રહ્યો છે. વધુ સ્ત્રીઓ શિક્ષિત બની રહી છે, આર્થિક રીતે સ્વતંત્ર બની રહી છે અને પોતાના અવાજ સાથે આગળ આવી રહી છે. સોશ્યલ મીડિયા અને જાહેર ચર્ચાઓ પણ આ મુદ્દાને કેન્દ્રમાં લાવે છે. હવે વધુ લોકો સમજવા લાગ્યા છે કે સ્ત્રીનાં કપડાં તેના ચરિત્રનો માપદંડ નથી.

2016માં, સ્ત્રીઓના હેરેસમેન્ટ પર આવેલી 'પિંક' ફિલ્મની ચર્ચાને આગળ ધપાવતાં, ફિલ્મમાં મહત્ત્વનો કિરદાર અદા કરનારા અમિતાભ બચ્ચને (તે વખતે 4 અને 18 વર્ષની) તેમની બે પૌત્રીઓ, આરાધ્યા અને નવ્યાને એક પત્રમાં લખ્યું હતું;

'લોકોના જજમેન્ટના પડછાયામાં ના જીવશો. ખુદના વિચારો અનુસાર નિર્ણય કરજો. કોઈને પણ એટલો હાવી થવા ના દેશો કે તમને ખુદ એવું લાગવા માંડે કે તમારા સ્કર્ટની લંબાઈ તમારા કેરેક્ટરનો માપદંડ છે. કોઈને પણ એવી સલાહ આપવાની ઈજાજત ના આપશો કે તમારા ફ્રેન્ડ્સ કોણ અને કેવા હોવા જોઈએ.'

બચ્ચનને આવું લખવું પડે છે તે બતાવે છે કે સમાજમાં હજી પણ કામ ઘણું બાકી છે. માતા-પિતા, શિક્ષકો અને સમાજને મળીને બાળકોને શીખવવું પડશે કે આદર નજરમાં હોવો જોઈએ, નિયંત્રણમાં નહીં. છોકરાઓને શીખવવું પડશે કે સ્ત્રીનું શરીર તેમની ઈચ્છાઓઓનો વિષય નથી અને છોકરીઓને સમજાવવું પડશે કે તેમનું મૂલ્ય તેમનાં વસ્ત્રોથી ઘણું વિશાળ છે.

અને ત્યારે કોઈ બાળકી કવિતામાં લખશે- 'આઝાદી મેરા દેશ હૈ, જહાં મેં બિના ડર કે જી સકતી હું.' તે દિવસ સુધી, આપણને જાતને પૂછવું પડશે- અમે કપડાંને જોઈ રહ્યા છીએ કે મનુષ્યને? અને જો જવાબ કપડાં હોય તો બદલાવની શરૂઆત આપણી જ અંદરથી કરવી પડશે.●

# પાર્કિંગઃ વાહનસિદ્ધ અધિકાર?

લોકમાન્ય ટીળક સો વર્ષ મોડા અને ગુજરાતમાં જન્મ્યા હોત તો તેમણે કદાચ કહ્યું હોત, 'પાર્કિંગ મારો વાહનસિદ્ધ અધિકાર છે અને તે હું લઈને જ જંપીશ,' પણ લોકમાન્યનાં નસીબ કે તે વહેલા જન્મી ગયા. એ હકીકતથી જરાય હિંમત હાર્યા વિના ગુજરાતીઓએ નક્કી કરી લીધું કે આ બાબતમાં કોઈ લોકમાન્ય પાકે તેની રાહ જોવી નહીં અને 'દરેક પોતાનો નેતા' એવી સ્વરાજી ઢબે, આત્મનિર્ભર બની જવું. એટલે, મુંબઈ જેવાં શહેરોમાં તો પાર્કિંગ ઓઈલ ને ડેટા જેટલું કિમતી લાગે એવી સ્થિતિ હતી અને હવે ગુજરાતનાં શહેરો-નગરોમાં પણ એ સ્થિતિ આવી ગઈ છે.

અર્બન પ્લાનિંગ અને રસ્તાની ડિઝાઈનનું શાસ્ત્ર ભણાવતા મિત્રો ગમે તે કહે, લોકો એવું માને જ છે કે જેમ દાંત આપનાર (ડેન્ટિસ્ટ નહીં, ઈશ્વર) ચાવણું (ખાવાનું) આપે છે, તેમ વાહન આપનાર પાર્કિંગ પણ આપશે. આ વાત વધારે આસ્તિકતાપૂર્વક કહેવી હોય તો, દાંત મળ્યા તેને ખાવાનું મળી રહેશે ને વાહન મળ્યું તેને પાર્કિંગ મળી રહેશે. આ બંને ખ્યાલ ખોટા હોઈ શકે છે તે સત્ય આંખ-કાન ખુલ્લાં રાખનાર કોઈને સમજાવવું પડે એમ નથી. તેનો સૌથી પહેલો ખ્યાલ મર્યાદિત જગ્યા ધરાવતી સોસાયટી કે ફ્લેટમાં રહેનારા ચતુષ્ચક્રી-ધારકોને આવે છે. હોંશે હોંશે કાર ખરીદી લાવ્યા પછી ઘરની બહાર કે નીચે ખડી ક્યાં કરવી? એ સવાલ થાય છે.

બોલ્યું-ચાલ્યું માફ
ઉર્વિશ કોઠારી

જેમ પાણી વેચાય તે એક સમયે આઘાતજનક ગણાતું હોવા છતાં હવે તેની નવાઈ નથી રહી તેમ, ઘરથી અલગ પાર્કિંગની જગ્યા વેચાય અને એક રહીશ બીજા રહીશની પાર્કિંગની જગ્યા ખરીદે કે ભાડે રાખે, એવી ઘટનાઓથી કોઈને નવાઈ લાગતી નથી. પહેલાં પાર્કિંગની જગ્યાની છત ધરાવતાં ગ્રામીણ વિસ્તારોમાં રહેતા લોકો આવું બધું સાંભળીને કકળી ઉઠતા હતા, પણ હવે ધીમે ધીમે તેમના સુધી પણ વિકાસનો સ્વાદ પહોંચી રહ્યો છે. દાંત અને ચાવણાની કહેણી પાર્કિંગના કિસ્સામાં જરા જુદી રીતે લાગુ પડે છે. અહીં તો, ઘર વેચનાર પાર્કિંગ પણ વેચે છે. એટલે કે, પાર્કિંગ ઘરથી અલગ ખરીદવું પડે છે અને તે પણ એકાદ વાહન પૂરતું. કેટલાંક



ફ્લેટ અને સોસાયટીમાં પાર્કિંગની જગ્યા માટે એવી કાયમી ખેંચતાણ હોય છે કે ત્રીજું વિશ્વયુદ્ધ પાર્કિંગના મુદ્દે થશે એવું કમ સે કમ ત્યાં ઊભા હોઈએ ત્યારે તો લાગે. તે નિવારવા માટે ફાળવેલા પાર્કિંગ પર ફ્લેટ નંબર લખીને, જાણે યુદ્ધને ખાળવાની કોશિશ થાય છે. તેના કારણે થોડી ઘણી સફળતા મળે છે, છતાં કોઈ પણ સમયે તે યુદ્ધ ફાટી નીકળશે, એવી ભીતિ ઓસરતી નથી.

પાર્કિંગની સમસ્યા ઘરઆંગણે છે, તેનાથી પણ વધારે વિકરાળ સ્વરૂપે રસ્તા પર અને જાહેર સ્થળોએ જોવા મળે છે. દાયકાઓ સુધી જાહેરમાં, રસ્તાની કોરે વાહન પાર્ક કરીને જતા રહેવાની સતયુગી ટેવવાળાને હવે પહોંચવાનું હોય એ સ્થળથી દૂર, પાર્કિંગની જગ્યા જ્યાં મળે ત્યાં વાહન ઊભું રાખીને ચાલતાં આવવું પડે, ત્યારે તેને હળાહળ કળિયુગનો અહેસાસ થાય છે. મુંબઈ જેવાં શહેરોમાં વર્ષોથી વાહન પાર્ક કર્યા પછી મુખ્ય સ્થાને પહોંચવા માટે અલગથી રિક્ષા કરવાનો રિવાજ એટલો સામાન્ય ગણાય છે કે તે વિશે કોઈને આશ્ચર્ય પણ થતું નથી.

રસ્તાની બાજુ પર પાર્કિંગ કરવું કે નહીં, તે કાયદાની દૃષ્ટિએ સ્પષ્ટ હોય તો પણ, વ્યવહારમાં તકરારી મુદ્દો છે. અમદાવાદ સહિત ગુજરાતમાં ઘણા ઠેકાણે, કાચા અંગ્રેજીને કારણે નહીં, પણ પાકી વ્યવહારબુદ્ધિને કારણે, લોકો 'નો પાર્કિંગ'ના પાટિયાનો અર્થ કાઢે છેઃ 'અહીં પાર્કિંગ કરો'. 'નો પાર્કિંગ'ના પાટિયાને અઢેલીને કે તેની આસપાસ ખડકાયેલાં વાહનો જોઈને 'સવિનય કાનૂનભંગ' અને 'ગાંધીનું ગુજરાત' જેવા શબ્દપ્રયોગો તેમની યથાર્થતા સહિત સાંભરે છે. એ મુદ્દે ટ્રાફિક પોલીસ સાથે ચણભણનો પ્રસંગ ઊભો થાય ત્યારે પણ વાહનચાલકો મોળા પડ્યા વિના, યથાશક્તિ ઝીંક ઝીલીને દંડમાંથી બચવાની કોશિશ કરે છે.

ઘણી વાર 'નો પાર્કિંગ'નું પાટિયું ન હોવાથી, વાહન રસ્તા પર છે કે નહીં, તે વિશે અર્થઘટનના વિવાદ સર્જાય છે. ટ્રાફિક પોલીસ માને છે કે અડધું વાહન રસ્તા પર છે, જ્યારે વાહનચાલક માને છે કે અડધું વાહન રસ્તાની બહાર છે. એ તો સ્પષ્ટ છે કે આ મતભેદ 'પ્યાલો અડધો ભરેલો ગણાય કે અડધો ખાલી?' તે પ્રકારનો તાત્ત્વિક છે. એવા મતભેદનો ઉકેલ, આપણી પરંપરા પ્રમાણે, શાસ્ત્રાર્થથી કરવાનો હોય, પરંતુ ટ્રાફિક પોલીસની પસંદગીની પરીક્ષામાં શાસ્ત્રાર્થને લગતા સવાલ આવતા ન હોવાથી તે દંડની પાવતી ફાડવા માટે તલપાપડ થાય છે. તેમને વારવા માટે પોલીસખાતામાં રહેલા કે કોઈ ઉપરી પોલીસને ઓળખતા એવા

**જેમ પાણી વેચાય તે એક સમયે આઘાતજનક ગણાતું હોવા છતાં હવે તેની નવાઈ નથી રહી તેમ, ઘરથી અલગ પાર્કિંગની જગ્યા વેચાય અને એક રહીશ બીજા રહીશની પાર્કિંગની જગ્યા ખરીદે કે ભાડે રાખે, એવી ઘટનાઓથી કોઈને નવાઈ લાગતી નથી**

સગાવહાલા, મિત્ર કે પરિચિતનું મોબાઈલ પર આહ્વાન કરવામાં આવે છે. એવી રીતે થયેલી વાતચીત પછી દંડ માફ થાય કે ન થાય, પણ મૂળ તાત્ત્વિક સવાલનો નીવેડો આવતો નથી અને ભવિષ્યમાં પાર્કિંગને લગતી તકરારોની સંભાવના ઊભી રહે છે.

લાયસન્સ આપતી વખતે વાહન, ખાસ કરીને ચતુષ્ચક્રી (ફોર વ્હીલર) પાર્ક કરતાં આવડે છે કે નહીં તે જોવાતું હોય છે. પરંતુ નજીકના ભવિષ્યમાં લાયસન્સ આપતી વખતે, વાહનની સાથે ચાલકે પાર્કિંગની જગ્યા પણ ખરીદી છે એવી ખાતરી આપવી પડશે ને તેનાં પ્રમાણપત્ર રજૂ કરવાં પડશે. આવી કલ્પનાઓ કલ્પના રહેતી નથી અને ઝડપથી વાસ્તવિકતામાં ફેરવાઈ જાય છે, તે હાસ્ય-વ્યંગની સૌથી મોટી કરુણતા રહી છે.●

## ઈશિતાનું અલકમલક

### મોહબ્બત - મર્ડર ને પછી મેરેજ...!

અનુભવીઓ કહે છે કે પ્રેમ અને દેવું એટલે કે ઊછીની રકમ વચ્ચે એક સામ્ય છે. એ બન્ને ક્યારે વધી જાય એ કહેવાય નહીં. અહીં 'ઈશિતા' તમને ઉધારીની નહીં - માત્ર પ્રેમની વાત કહેવા ઈચ્છે છે. કાલ્પનિક વાર્તાને ટક્કર મારે એવી તાજેતરમાં બહાર આવેલી આ એક ઘટના જાણવા જેવી છે. આ વાર્તા જેવી વાતની પૃષ્ઠભૂમિ રાજસ્થાન છે. રાજસ્થાન આમ તો રણપ્રદેશ પણ અહીં રણમાંય ગુલાબ ખીલી નીકળ્યાં છે! આ પ્રેમનાં ગુલાબ બે જુવાન હૈયાં વચ્ચે નહીં પણ કાયદા- સમાજની નજરે ખતરનાક ગણાય એવાં બે સ્ત્રી-પુરુષ વચ્ચે ઊગ્યાં છે! વાત થોડી વિગતે જાણીએ. ગુનેગાર મહિલાનું નામ છે પ્રિયા સેઠ અને ગુનેગાર પુરુષ છે હનુમાન પ્રસાદ. મોડેલિંગ કરતી પ્રિયાએ ૨૦૧૮માં દુષ્યંત નામના યુવાનને એક ડેટિંગ એપ દ્વારા પોતાના 'પ્રેમ'માં પાડ્યો અને પછી મળવા બોલાવ્યો. હકીકતમાં પ્રિયા પહેલેથી દીક્ષાંત નામના યુવાનના પ્રેમમાં પાગલ હતી. એના એ પ્રેમીએ શેરબજારમાં જબરી ખોટ ખાધી હતી. એને દેવામાંથી મુક્તિ અપાવવા પ્રિયાએ એક માસ્ટર પ્લાન બનાવીને દુષ્યંતને એક ફ્લેટમાં ગોંધી રાખ્યો. પછી એના પિતા પાસેથી ખંડણીના ૧૦ લાખ રૂપિયા માગ્યા. પિતાએ અડધી રકમ ચૂકવી પણ દીધી પછી પ્રિયાને પકડાઈ જવાનો ડર લાગ્યો એટલે પોતાના પ્રેમીની મદદથી દુષ્યંતની હત્યા કરીને એની લાશ દૂરની ખીણમાં ફગાવી દીધી. લાશ મળી જતાં પોલીસની સઘન તપાસમાં પુરતા પુરાવા મળી જતાં પ્રિયાની ધરપકડ થઈ. કેસ ચાલ્યો અને અત્યારે એ સાંગાનેર-જયપુરની ઓપન જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહી છે. હવે આ ઘટનાના સમાંતરે હનુમાન પ્રસાદ નામનો એક શખ્સ પણ ૨૦૧૭માં પોતાની પ્રેમિકાના પતિ અને એનાં ચાર સંતાનની હત્યા માટે આ જ ઓપન જેલમાં સજા ભોગવી રહ્યો છે. હવે આ બન્ને હત્યારાને ૬-૭ મહિના પહેલાં જયપુરની જેલમાં એકમેક સાથે પરિચય થયો જે સમય જતાં પ્રેમમાં પલટાયો. બન્નેએ એકમેકના જીવનસાથી બનવાનો નિર્ણય લીધો અને તાજેતરમાં રાજસ્થાન હાઈકોર્ટની ખાસ પરવાનગીથી ૧૫ દિવસના પેરોલ મેળવી જેલ બહાર આવ્યાં. વિધિવત લગ્ન કરી-હનિમૂન ઉજવી ઓપન જેલમાં પોતપોતાની કસ્ટડી સેલમાં પરત આવીને સજા ભોગવી રહ્યાં છે! આમ કારાવાસ દરમિયાન પ્રેમમાં પડી-લગ્નજીવન શરૂ કરી એ બન્ને અપરાધીએ નિર્મમ હત્યાનાં પાપનું પ્રાયશ્ચિત્ત કરવાનો પ્રયાસ પણ કર્યો.



અપરાધી નવયુગલ પ્રિયા-હનુમાન પ્રસાદ

### એક યુવા ગુજરાતણની આભને આંબતી સિદ્ધિ

મન હોય તો માત્ર માળવે જ નહીં - અંતરિક્ષમાં અબજો-કરોડો માઈલના અંતરે આવેલી આકાશગંગા સુધી પણ પહોંચી શકો. હા, આવું એક યુવા ગુજરાતી યુવતીએ સાકાર કરી દેખાડ્યું છે. મૂળ આણંદની પણ પહેલેથી જ એસ્ટ્રોનોમી- ખગોળશાસ્ત્રમાં ઊંડો રસ ધરાવતી એકતા શાહે અમેરિકા જઈ 'નાસા'ના એક પ્રોજેક્ટમાં જોડાઈને છ વર્ષનાં સંશોધન પછી છ નવી આકાશગંગા શોધી કાઢી. પછી એને ભારતીય નામ પણ આપ્યાં છે. આ છ ગેલેક્સીને એણે દૃષ્ટિ- શ્રવણ- સુરભિ - રુચિ - સ્પર્શ અને સ્મૃતિ જેવાં નામ આપીને અંતરિક્ષમાં ભારત દેશનું નામ કાયમી કર્યું છે. અંતરિક્ષ ક્ષેત્રે આવી અનન્ય સિદ્ધિ પછી અમેરિકામાં જ બહુ ઊંચા પગારે સ્થાયી થઈ જવા એકતા શાહને ઘણાં પ્રલોભન પણ મળ્યાં પરંતુ એસ્ટ્રો -ફિઝિક્સ ક્ષેત્રમાં વધુ સંશોધન કરવા એ સ્વદેશ પરત ફરીને આણંદમાં સ્થાયી થઈ ગઈ છે!

### બાપુ, તારા પગલાં રહ્યાં!

નાના હતા ત્યારે વડીલો સામાન્ય રીતે આપણાને એક સલાહ જરૂર આપતા : 'મહાન પુરુષોનાં કાર્યોમાંથી યોગ્ય બોધપાઠ લઈને એમનાં પગલાંને જરૂર અનુસરજો, સુખી થશો.' આવી સલાહ આપણે બધા એક યા બીજી રીતે જરૂર માનીએ અને પછી શક્ય હોય એટલી અમલમાં પણ મૂકીએ. 'મહાપુરુષનાં પગલાં અનુસરવા'નો બોધપાઠ હમણાં ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન શહેરમાં કંઈક બીજી રીતે જ અમલ થયો છે, જે જોઈ-જાણીને આપણને આશ્ચર્ય સાથે આંચકો પણ લાગે. અહીં મેલબોર્નમાં આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૪૨૬ કિલોગ્રામનું વજન ધરાવતી એક કાંસ્યની પ્રતિમા થોડાં વર્ષોથી અડીખમ ખડી હતી. એનું હમણાં એક સવારે 'અપહરણ' થઈ ગયું અર્થાત એ કાંસ્ય પ્રતિમાને કોઈ ચોરી ગયું હતું! એમાં આંચકો લાગે એવી વાત એ હતી કે ગાંધી પ્રતિમાને બન્ને પગેથી રીતસર કાપીને કોઈ પ્રતિમા ઊંચકી ગયું હતું! બીજા શબ્દોમાં પ્રતિમા હતી એ સ્ટેન્ડ પર ચપ્પલ સાથેનો ફક્ત પગનો ભાગ જ રહ્યો હતો! બીજા શબ્દોમાં કહીએ તો વિશ્વને અહિંસા અને શાંતિનો શાશ્વત સંદેશો આપનારા એ યુગપુરુષનાં માત્ર 'પગલાં' જ રહ્યાં!



બાપુની પ્રતિમા ચોરાઈ ગઈ ને માત્ર 'પગલાં' રહ્યાં

## ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» અહીં પ્રગટ કરેલી તસવીર જુઓ. કદાચ પહેલી નજરે કોઈ રમતાં બાળકની નિર્દોષ તસવીર જણાશે. જરા ધ્યાનથી જોશો તો ભયનું લખલખું પસાર થઈ જશે. બાળક જ્યાં રમી રહ્યો છે- જે વસ્તુ પર ચઢવાનો પ્રયાસ કરી રહ્યો છે એ એક વિનાશક મિસાઈલ છે! આજે અખાત અને આસપાસના દેશોમાં ચોતરફ યુદ્ધ ખેલાઈ રહ્યું છે એમાં સીરિયાના પાટનગર - દમાસ્કસના કોઈ વેરાન ખેતરમાં ફૂટી નથી એવી ઈરાનની એ મિસાઈલ છે! ત્યાં રમતાં બાળકને ખબર સુદ્ધાં નથી કે જેના પર એ ચઢવાનો પ્રયાસ કરી રહ્યો છે એ ગમેત્યારે અચાનક વિસ્ફોટ સાથે ચોતરફ વિનાશ વેરી શકે છે. આ છે સર્વનાશ અને પાંગરી રહેલાં બાળપણની વિરોધાભાસી વાસ્તવિકતા!



## ઈશિતાની એલચી

**નાનાં હતાં ત્યારે મોટી મોટી વાતમાં તણાઈ જતાં. મોટાં થયા પછી નાની નાની વાતમાં વિખેરાઈ જઈએ છીએ...!!**